## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મમ્મી, પહેલો નંબર લાવીશ તો સાયકલ લઈ દઈશ... એવી લાલચમાં હું નથી આવવાનો એ સમજી લેજે....!!!

# ગાંધીનગર ખાતે ડિજીધન મેલાની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ દ્વારા "૧૦૦ ડિજીધન મેલા"ની ઉજવણીનું દીપ પ્રગટાવી ઉદઘાટન કર્યા બાદ જિલ્લા પ્રભારી અને મહિલા બાળ વિકાસ રાજય મંત્રી શ્રી ડો. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ડીજીટલ પેમેન્ટ અભિયાનને સાર્થક કરવા લોકભાગીદારીથી જે પ્રયાસો હાથ ધર્યા છે તેમાં ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે. જિલ્લાના ૧૦ ગામો કેશલેસ બન્યા છે. જયારે સસ્તા અનાજની દુકાનોમાં રેશન કાર્ડ ગ્રાહકો દ્વારા ઓનલાઈન પેમેન્ટની સુવિધા સાથે જિલ્લો રાજયમાં પ્રથમ ક્રમે છે.



મંત્રીશ્રી ડો. નિર્મલાબેન વાધવાણી અને વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોરના હસ્તે ગાંધીનગર આઈ.ટી.આઈ.ની સકિલ ડેવલપમેન્ટ અંતર્ગત ૬૮ મહિલાઓને ટેબલેટ વિતરણ અને સાયકલ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિતરણ બેંક મિત્રો તથા સંચાલકોને પ્રશસ્તિ પત્ર તથા બેંક લોનના લાભાર્થીઓને લોન વિતરણ અને પ્રોપર્ટીકાર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયાર કરાયેલા ડીજીટલ હેલ્પ લાઈન તથા અર્બન ઈ - ધરા સેન્ટરનું લોંચીંગ કરવામાં આવ્યુ હતુ.

વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતુ કે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ડીજીટલ પેમેન્ટ માટે વિવિધ બેંકોના સહકારથી શ્રેષ્ઠ પ્રયાસો હાથ ધરી ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી છે.

જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ૧૦૦મા ડીજી ધનમેલાની ઉજવણી કરવામાં આવી છે. જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિની ઉજવણી નિમિત્તે રેલી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા છે. જિલ્લામાં કેશલેસ વ્યવહારો થાય તે માટે બેંકોના સહયોગથી હાથ ધરેલા વિવિધ પ્રયાસો અને મળેલા પરિણામોની વિસ્તુત માહિતી આપી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગપુર ખાતેથી ૧૦૦મા ડીજી ધનમેલાનું ઉદઘાટન કર્યા બાદ તેમના પ્રવચનનું જીવંત પ્રસારણ ગાંધીનગર વાસીઓએ સાભળયું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની ડોકયુમેન્ટરી ફિલ્મ તથા જાસપુર FPSની ફિલ્મનું પ્રસારણ કરવામાં આવ?યું હતુ. આ પ્રસંગે વિવિધ બેંકો દ્વારા ઉભા કરાયેલા સ્ટોલમાં વિવિધ પેમેન્ટ અંગે ઉપસથિત લોકોને વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

# ધારીસણામાં દેશી દારૂની ભઠ્ઠી પર એસઓજીનો દરોડો

### દારૂ ગાળવા વપરાતો ૧૩૦ લીટર વોશ જપ્ત : ખેતરમાં દારૂની ભઠ્ઠી ધમધમતી હતી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર એસઓજી પીઆઈ જે.ડી. પુરોહીતની ટીમે બાતમીને આધારે રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ધારીસણા ગામમાં ખુલ્લા ખેતરમાં ચાલતી દારૂની ભઠ્ઠી ઉપર દરોડો પાડ્યો હતો. ટીમને બાતમી મળી હતી કે ધારીસણા ગામની સીમમાં ગલાબજીના ખુલ્લા ખેતરમાં વિક્રમ કેશા ઠાકોર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દારૂ ગાળવાની તથા વેચવાની પ્રવૃત્તિ કરે છે. તેને આધારે દરોડો પાડી સ્થળ પરથી દેશી દારૂ ગાળવાનો ૧૩૦ લીટર વૉશ મળી આવતા જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પક્ષીઓ માટે પાણી પીવાના કુંડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૪

ઉનાળાની આગ ઝરતી ગરમીમાં મનુષ્ય પાણી વગર રહી શકતો નથી. તો અબોલ પક્ષીઓ પાણી વગર કેવી રીતે રહી શકે અને એમની વ્યથા કોને જણાવે અને કોણ સમજે .?પક્ષીઓને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી મળી રહે અને તેમની તરસ છીપાવી શકાય તેવા ઉમદા હેતુંથી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સતત સાતમાં વર્ષે પાણીના કુંડાનું વિતરણ વિનામુલ્યે કરવામાં આવશે. તા.૧૫ અને ૧૬ એપ્રિલને શનિવાર તેમજ રવિવારના રોજ પ્લોટ નં- ૫૨૫-૨ નંદનવન સોસાયટી ઘ-૬ કોર્નર નજીક, સેકટર-૨૨ ખાતેથી સવારે ૯ કલાકે થી સાંજે૬ કલાક સુધી વહેલા તે પહેલાના ધોરણે વિનામુલ્યે પાણીના કુંડાના વિતરણનો કાર્યક્રમ રાખેલ હોવાથી જાહેર જનતાને લાભ લેવા ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરાયો છે. દર વર્ષે ગરમીમાં હજારો પક્ષીઓ પાણી વગર મોતને ભેટે છે. જે અટકાવવા માટે સેવાના આ ઉમદા કાર્યમાં જોડાઈ પક્ષીઓને પાણી પુરુ પાડવાના કાર્યમાં સહભાગી બનવા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે ૯૪૨૯૦ ૨૭૬૫૭પર સંપર્ક કરવો.

# શહેરમાં કાળઝાળ ગરમી બે સપ્તાહમાં ૩૪ બેભાન

### ગાંધીનગરમાં ૧૨ દિવસમાં ૧૦૮ ને લુ લાગવી, છાતીમાં દુખાવો થવો, ઢળી પડવુ તેમજ ઝાડા-ઉલ્ટીના મળીને કુલ- ૧૪૬ કોલ મળ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો ઘરમાંથી બહાર નીકળવાનું ટાળે છે. એપ્રિલ માસમાં અંગ દઝાડતી ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે. બપોરના સુમારે માર્ગો પણ સુમસામ બની જાય છે. ત્યારે શહેરમાં પડી રહેલી ગરમીથી છેલ્લા ૧૨ દિવસમાં ૩૪ નાગરીકો બેભાન થઈ ઢળી પડવાના બનાવ બન્યા છે. તો બીજી તરફ ગરમીને પગલે છાતીમાં દુખાવો, પેટમાં દુખાવો, ડિ-હાઈડ્રેશન, બ્લડપ્રેશર વધી જવુ સહિતના કુલ-૧૪૬ કોલ ઈમરજન્સી સેવા ૧૦૮ ને મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં સતત કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવા અકસ્માત સમયે તેમજ ગમે ત્યારે કટોકટીના સમયે દર્દીઓને માત્ર ગણતરીની મિનીટોમાં હોસ્પિટલ પહોંચાડવાની સેવા કરે છે. ત્યારે ગરમી પડતા ૧૦૮ની કામગીરી પણ વિશેષરૂપે વધતી જોવા મળે છે. અત્યારે હાલ શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે. નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે અને પંખા, એસી, તેમજ કુલર દ્વારા ગરમીથી રાહત મેળવી રહ્યા છે. ગરમીને પગલે એસી પણ કામ કરતા નથી તેવો ઘાટ સર્જાયો છે. તેવા સમયે ઘરની બહાર નીકળતા નાગરીકો ગરમીમાં બેભાન થયા હોય તેવા ૧૨ દિવસમાં ૩૪ કેસ નોંધાયા છે. તે ઉપરાંત ગરમીમાં ઠંડક મેળવવા તેમજ બિન આરોગ્યપ્રદ ખોરાક આરોગવાથી પેટમાં દુખાવાના ૨૬ કેસ, બ્લડપ્રેશરના ૯, છાતીમાં દુખાવાના ૩૦, કાન-નાક અને ગળામાં તકલીફ સર્જાઈ હોય તેવા ૨ ફેઈનટીંગના ૬ કેસ, ગરમીથી ચકકર આવીને માર્ગ પર પડી જવાના ૨૬, લુ લાગવાના ૪ કેસ, અને ઝાડા-ઉલ્ટીના ૯ કેસ નોંધાયા છે. ત્યારે છેલ્લા ૧૨ દિ માં વિવિધ ઈમરજન્સીના કુલ-૧૪૬ કોલ ૧૦૮ ને મળ્યા છે. ગાંધીનગર શહેરમાં સતત દોડતી અને દર્દીઓને ઝડપી સેવા પુરી પાડતી ઈમરજન્સી સેવા ૧૦૮ સેવા માર્ગ પર થયેલા અકસ્માત સહિત વિવિધ ઈમરજન્સી ઉપરાંત ગરમીથી પ્રભાવિત થયેલા દર્દીઓને તાત્કાલીક સ્થળ પર જઈ સેવા આપીને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા.

# ભાજપ યુવા મોરચા દ્વારા ધોળાકુવા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ

### સર્વરોગ નિદાન કેમ્પમાં ૨૫૭ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧૪

ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૬ જન્મજયંતિ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા દ્વારા ૧૨૬ જિલ્લામાં મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષી ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા ગાંધીનગર શહેર નજીક આવેલ ધોળાકુવા ગામે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી અને યુવા મોરચાના અધ્યક્ષ રૂત્વીજ પટેલ અને રાજય સરકારના મંત્રી નિર્મલાબેન વાઘવાણી સહિત કાર્યકરો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સાંજે પણ સેકટર-૩૦ નમસ્કાર સર્કલ ખાતે મેડીકલ કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૫૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિ પ્રસંગે ધોળાકુવા ખાતે મહા સર્વરોગ નિદાન કેમ્પ અને આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન ગાંધીનગર મહાનગર પાલિકા અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રભારી મંત્રી નિર્મલાબેન વાઘવાણી, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, મનુભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, તથા તમામ કોર્પોરેટર, વિવિધ મોરચા તેમજ સેલના હોદેદારો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ મેગા કેમ્પમાં પાલજ, સે-૨, ૨૪ અને સે-૨૯નો મેડીકલ સ્ટાફ હાજર રહીને સેવાઓ પુરી પાડી હતી. હોસ્પિટલના જનરલ ફીજીશીયને- ૫૫, કાન-નાક ગળાના નિષ્ણાંતે-૧૩, સ્ત્રી રોગના નિષ્ણાંતે-૫, દાંતના સર્જને- ૨૩, જનરલ સર્જને-૭, બાળરોગ નિષ્ણાંતે-૧૪, ચામડીના રોગના નિષ્ણાંત ડોકટર્સ હાજર રહીને સેવાઓ પુરી પાડી હતી. આ કેમ્પમાં કુલ ૨૫૭ દર્દીઓ ચકાસવામાં આવ્યા હતા. જેમાં ૮૧ ટેસ્ટ ડાયાબીટીશના કરવામાં આવ્યા હતા. તેમાં ૪ લાભાર્થીને શર્કરાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ૩૨દર્દીઓનું બીપી ચેક કરાયું હતું તેમાંથી ૮ દર્દીઓનું બીપી વધુ જોવા મળ્યું હતું. જયારે તાવના ૮ નમુના લેવાયા હતા. તેમજ ૬૭ એચબી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જયારે સે-૩૦ નમસ્તે સર્કલ ખાતે સાંજે યોજાયેલ કેમ્પમાં ૧૫૧ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં ડાયાબીટીશના ૮૫ ટેસ્ટ કરાયા હતા જેમાં ૨૧ લાભાર્થીઓને શર્કરાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. જયારે બીપી અને તાવના પણ દર્દીઓના નમુના લેવાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર શહેર મહાનગર ભાજપના તમામ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર યુવા મોરચાના પ્રમુખ અમિત પટેલ, મહામંત્રી મયુર પટેલ સહિત ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.







# પ્રધાનમંત્રીના બંદોબસ્ત માટે ૪૦૦ પોલીસ ગાંધીનગરથી સુરત પહોંચી

ગાંધીનગર, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું બે દિવસ માટે ગુજરાતના તાપી અને સેલવાસ વિસ્તારમાં આગમન થનાર હોવાથી તેમની સુરક્ષા માટે રાજ્યની ૫ હજાર પોલીસ સુરત ખાતે તૈનાત કરી દેવામાં આવી છે. વડાપ્રધાનના બંદોબસ્ત માટે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૪૦૦ પોલીસ અધિકારી-કર્મચારીઓને સુરત રવાના કરવામાં આવ્યા છે.

પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત આગમનને પગલે સુરક્ષા અને સલામતિને મામલે એસપીજીની ટીમો ગુજરાતમાં આવી ગઈ છે. તે ઉપરાંત સુરતમાં તાપી અને દાહસનગર હેઠળ સેલવાસ ખાતેના કાર્યક્રમમાં વડાપ્રધાનની હાજરીને પગલે ૫ હજાર પોલીસ તૈનાત કરવામાં આવી છે. આ બંદોબસ્ત માટે ગાંધીનગરમાંથી પણ ૪૦૦ જેટલી પોલીસ સુરત રવાના કરવામાં આવી છે. તાપી ખાતે ગાંધીનગરથી એક ડીવાયએસપી, પાંચ પીઆઈ, ૨૬ પીએસઆઈ અને ૨૫૦ પોલીસ જ્યારે સેલવાસ ખાતે ગાંધીનગરથી પાંચ પીઆઈ, ૬ પીએસઆઈ, ૪૦ પોલીસ અને ૨૦ મહિલા પોલીસ મળી બંને કાર્યક્રમ માટે ગાંધીનગરથી ૪૦૦ પોલીસ અધિકારી-કર્મચારીઓ સુરત બંદોબસ્ત માટે મોકલવામાં આવ્યા છે.

## પીએચડી થયા



ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા જીનાલી એચ. દેસાઈએ 'મોટા દૂધ ઉત્પાદકોનો પશુપાલન ક્ષેત્ર આર્થિક અભ્યાસ' સાબર ડેરીના સંદર્ભમાં શોધનિબંધ પ્રિ. ડૉ. નટુભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી, વિદ્યાવાચસ્પતિની પદવી પ્રાપ્ત કરી છે. સાબરકાંઠા જિલ્લામાં દૂધની ખેતી પ્રાણવાયુ સમાન પુરવાર થઈ રહી છે, તેવું તેમનું સંશોધન પુરવાર કરે છે. તેઓએ આજ વિષય પર એમફીલ પણ કરેલ છે. બબ્બે વિષયમાં અનુસ્નાતકની પદવીઓ પણ ઉંચા ગુણ સાથે પાસ કરી છે. ખોબા જેટલું રણેચી ગામ દૂધની ખેતી દ્વારા રૂપિયાની ટંકશાળ પાડે છે, તેવુ સાબિત થાય છે. ગ્રામીણ રોજગારી માટે દૂધની ખેતી મહિનામાં ત્રણ વાર પગાર આપે છે. સહકારી ડેરી ગરીબોની બેલી બની રહી છે. આ પ્રસંગે જીનાલી દેસાઈને અભિનંદન તેમના અગાળના શોધ નિબંધ (એમફીલ) પરના પુસ્તકનું વિમોચન રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના વરદ હસ્તે કરાયું હતું.

# કોંગ્રેસે 'સમતા કૂચ' યોજીને બાબાસાહેબને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૧૪

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે 'સમતા કૂચ' યોજીને ભવ્ય શ્રદ્ધાંજલી અને પૂષ્પાંજલિ આપવામાં આવી હતી. ઉપરાંત બાબા સાહેબની પ્રતિમા પાસે 'સમતા જ્યોત' પ્રગટાવીને ભવ્ય અંજલી પણ આપવામાં આવી હતી. તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે અખબારી યાદીમાં જણાવ્યું છે. જિલ્લા પંચાયત સેક્ટર-૧૭, ગાંધીનગરથી વિધાનસભા સ્થિત બાબાસાહેબની પ્રતિમા સુધી 'સમતા કૂચ' 'જય ભીમ' અને 'બાબાસાહેબ અમર રહો'ના નારા સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિક શાહની આગેવાનીમાં યોજી બાબાસાહેબની પ્રતિમાને પૂષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, શૈલેન્દ્રસિંહ બિહોલા, ધરમપાલ ચૌધરી, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ પારધી, મૂલચંદભાઈ રાઠોડ, એલ.એન. પરમાર, ચીમનભાઈ વિંઝુડા, જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી, ભદ્રેશભાઈ સોની, રાકેશ જાની, ભાનુમતીબેન રોહિત, જશીબેન પરમાર વિગેરે આગેવાનો સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in